ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



## ઝાડ પર લટકી પ્રેમી પંખીડાનો આપઘાત

**પ્રેમસંબંધની** શંકા વચ્ચે કાર મળી આવ્યાના સ્થળથી ૬૦૦ મીટર દૂરથી બંનેના શવ બરામદ?

ધરમપુર : ધરમપુર તાલુકાના ઉકતા ગામના ધામણમાળ ફળિયામાં ઝાડ પર યુવક અને યુવતીની લાશ મળી આવી હતી.

બામટીના જલારામ ફળિયામાં રહેતા ૨૨ વર્ષીય હિરલબેન બાલુભાઈ પટેલ તથા ખારવેલના મંદિર ફળિયામાં રહેતા ૨૭ વર્ષીય જયદિપભાઈ ભગવાનજી પટેલ ગત તા.૧૫ ઓગસ્ટની રાત્રે પોતાના ઘરેથી નીકળી ગયા હતાં.

પરિવારજનોએ બંનેની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ ભાળ મળી નહોતી. દરમિયાન જયદિપભાઈની એલ્ટો કાર ઉકતા ગામના ધામણમાળ ફળિયામાંથી મળી આવી હતી. કાર મળી આવેલા સ્થળથી આશરે ૬૦૦ મીટર દૂર એક ઝાડ પર બંને અલગ-અલગ નાયલોનની દોરી વડે લટકતી હાલતમાં મળી આવ્યા હતા. પરિવારજનો અને ગામના આગેવાનોને જાણ થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

ધરમપુર પોલીસની ટીમ સ્થળ પર પહોંચી બંને મૃતદેહોને નીચે ઉતારી ધરમપુર સ્ટેટ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડ્યા હતા. પરિવારજનોના નિવેદન મુજબ બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. જોકે બંનેએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી.

ભારતીય મઝદૂર સંઘના નેજા હેઠળ 'સમાન કામ, સમાન વેતન' સહિતની માંગણીઓ પર ભાર

## મહિલાઓની વિશાળ રેલી

**વિવિધ** પડતર માંગણીઓ સાથે આંગણવાડી મગિલાઓએ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું




વલસાડ : વલસાડ જિલ્લામાં આંગણવાડી મહિલા કાર્યકરો દ્વારા પોતાની વિવિધ પડતર માંગણીઓ અને અધિકારોના રક્ષણ માટે એક વિશાળ રેલી યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ભારતીય મઝદૂર સંઘ (BMS) ના નેજા હેઠળ આયોજિત આ રેલીમાં મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો જોડાયા બાદ વલસાડ જિલ્લા કલેક્ટર મારફતે દેશના વડાપ્રધાન અને કેન્દ્રીય શ્રમ તેમજ રોજગાર મંત્રીને સંબોધીને એક વિસ્તૃત આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આ રજૂઆતમાં દેશના શ્રમિકો અને આંગણવાડી કર્મચારીઓના સામાજિક સુરક્ષા તેમજ યોગ્ય વેતનને લગતા ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

આવેદનપત્રમાં લાંબા સમયથી પડતર પ્રશ્નોના કાયમી ઉકેલ માટે તાત્કાલિક ત્રિપક્ષીય સંવાદ શરૂ કરવાની ભારપૂર્વક માંગણી કરવામાં આવી છે.

આંગણવાડી મહિલાઓએ જણાવ્યું હતું કે, સમાન પ્રકારનું કામ અને જવાબદારી નિભાવતા તમામ કર્મચારીઓને કાયમી, કરાર કે આઉટસોર્સ આધારિત ભેદભાવ વિના 'સમાન કામ, સમાન વેતન'નો લાભ મળવો જોઈએ.પેન્શનરો માટે EPS-95 હેઠળ માસિક ન્યૂનતમ પેન્શન ૭,૫૦૦ વત્તા મોંઘવારી ભથ્થું (DA) અને મેડિકલ સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ બોનસ કેલ્ક્યુલેશન મર્યાદા ૧૮,૦૦૦ અને પાત્રતા મર્યાદા ૪૨,૦૦૦ સુધી વધારવા અપીલ કરાઈ છે. યુનિયનના હોદ્દેદારો અને મહિલા કાર્યકરોએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ શ્રમિક હિત - રાષ્ટ્ર હિતના સિદ્ધાંત સાથે કોઈપણ પ્રકારનો ટકરાવ નહીં પરંતુ ન્યાયપૂર્ણ સમાધાન અને સંવાદ ઈચ્છે છે, જેથી દેશના વિકાસમાં યોગદાન આપતી મહિલા શ્રમિકોને તેમનું યોગ્ય સન્માન અને મહેનતાણું મળી રહે.

સન્માનની વાતો કરતો ભાજપ મામલો થાળે પાડવામાં નિષ્ફળ

## મહિલા કોર્પોરેટરના ઉપવાસ ભાજપ માટે ગળાનું હાડકું બન્યો

**વલસાડ** પાલિકાના આદિવાસી મહિલા કોર્પોરિટરના અપમાન મામલે ભાજપ સરકાર સામે ઉઠતા સવાલો



વલસાડ : વલસાડ નગરપાલિકાના આદિવાસી મહિલા કોર્પોરિટર જ્યોત્સનાબેન કમલભાઈ રાઠોડ સાથે નગરપાલિકાના ઉપપ્રમુખ દ્વારા થયેલા કથિત અપમાનના મુદ્દે જ્યોત્સનાબેન સતત પાંચ દિવસથી ચીફ ઓફિસર અને પ્રમુખની ઓફિસની બહાર ગુજરાત નગરપાલિકા અધિનિયમ 1963 ની કલમ 37 મુજબ ઉપપ્રમુખ વિરુદ્ધ શોકોઝ નોટિઝ કાઢી યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવાની માંગ સાથે ઉપવાસ પર બેઠા છે. એ મામલો હવે વલસાડ ભાજપ માટે હવે ગળાનું હાડકું બની રહ્યો છે અને લોકોમાં ધીરે ધીરે એકબાજુ મહિલા સન્માનની વાતો કરતી ભાજપ સરકાર પોતાના જ પક્ષની મહિલા કોર્પોરિટરને સમજાવીને મામલો થાળે પાડવામાં કેમ નિષ્ફળ નીવડી રહી છે એ ચર્ચા સામાન્ય લોકોમાં જોર પકડી રહી છે. આ બાબતે ખેરગામના યુવા આગેવાન ડો.નિરવ પટેલે જ્યોત્સનાબેનની મુલાકાત લઈ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, એકબાજુ લોકો પાસે કરોડો રૂપિયાનો ટેક્સ

વસુલવામાં આવે છે અને તેની સામે મોટાભાગની યોજનાઓ માત્ર કાગળ પર જ બનતી હોય તેમ રસ્તા સહીતની પાયાની સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહી છે. પોતાના ગેરવહીવટના કારણે 5 વર્ષ પાલિકાનું વીજકનેકશન કપાય ચૂક્યું છે. આવા સમયે ભ્રષ્ટાચારને ઉજાગર કરવાનો પ્રયત્ન કરતા જ્યોત્સનાબેન સાથે થતો અન્યાય એ દુઃખદ બાબત છે.

### ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલનની ચીમકી

આ બાબતે મુખ્યમંત્રી કાર્યાલય અને મહિલા બાળવિકાસ મંત્રી, વલસાડ કલેકટરને લેખિતમાં કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. જેમાં મુખ્યમંત્રીના કાર્યાલય દ્વારા શહેરી વિકાસ સચિવને કાર્યવાહી અર્થે રવાના કરાયા છે. ઉપસ્થિત લોકોએ સવાલ પૂછ્યો હતો કે, જો ધારાસભ્ય ભરતભાઈને કોર્પોરિટર જ્યોત્સનાબેનને મળવાનો સમય મળતો હોય તો આદિવાસી સમાજના નેતાઓને કેમ નહીં? આ બાબતે કોઈ કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલનની ચીમકી પણ જ્યોત્સનાબેનના સમર્થકોએ ઉચ્ચારી હતી.

## વલસાડમાં બ્રિજ પ્રોજેક્ટ સામે રાજકારણ શરૂ થઇ ગયું

**કોંગ્રેસ** દ્વારા કલેક્ટર કચેરીમાં રામધૂન વિરોધ

**ચોક્કસ** નેતાને ફાયદો કરાવવા કરોડો રૂપિયા વેડફાવાનો આક્ષેપ




વલસાડ : વલસાડમાં નનકવાડા અને વશિયર ગામને જોડતા બ્રિજના નિર્માણને લઈને હવે રાજકારણ ગરમાયું છે. વલસાડ જિલ્લા કોંગ્રેસ દ્વારા આ સૂચિત બ્રિજના પ્રોજેક્ટનો ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. તંત્ર સામે રોષ ઠાલવવા કોંગ્રેસના કાર્યકર્તાઓએ સીધા વલસાડ કલેક્ટર કચેરીમાં ધામા નાખ્યા હતા અને કલેક્ટરની ચેમ્બર બહાર જ બેસીને રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસનો સીધો આક્ષેપ છે કે, પ્રજાની જરૂરિયાત માટે નહીં, પરંતુ માત્ર એક ચોક્કસ નેતાને ફાયદો કરાવવા માટે આ બ્રિજ પાછળ કરોડો રૂપિયાનો વેડફાટ કરવામાં આવી રહ્યો છે. વલસાડમાં નનકવાડા અને વશિયરને જોડતા બ્રિજની કામગીરી સામે કોંગ્રેસે બાયો ચડાવી છે. જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વલસાડ કલેક્ટર કચેરીમાં હલ્લાબોલ કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ કલેક્ટર ચેમ્બરની બહાર જ જમીન પર બેસીને 'રામધૂન' શરૂ કરી દીધી હતી. શાંતિપૂર્ણ પણ આકરા મિજાજમાં વિરોધ નોંધાવતા કોંગ્રેસનો ગંભીર આક્ષેપ છે કે, આ બ્રિજની કોઈ ભૌગોલિક કે સ્થાનિક વ્યાવહારિક જરૂરિયાત નથી. આ પ્રોજેક્ટ માત્ર એક વગદાર નેતાના વ્યક્તિગત અને જમીની ફાયદા માટે જ લાવવામાં આવ્યો છે અને તેના માટે પ્રજાના કરોડો રૂપિયા પાણીમાં નાખવામાં આવી રહ્યા છે. બ્રિજના આ વિવાદમાં માત્ર જિલ્લા કોંગ્રેસ જ નહીં, પરંતુ યુથ કોંગ્રેસ પણ છેલ્લા ઘણા સમયથી મેદાને છે.

આ બ્રિજને લઈ છેલ્લા ૫ દિવસથી વલસાડ તાલુકા યુથ કોંગ્રેસના પ્રમુખ મિત દેસાઈ અને યુથ કોંગ્રેસના કાર્યકર રાહિલ શેખ ભૂખ હડતાળ પર બેઠા છે. કલેક્ટર કચેરીએ રામધૂન બોલાવીને વિરોધ નોંધાવ્યા બાદ, જિલ્લા કોંગ્રેસના કાર્યકર્તાઓએ આ બંને યુવા નેતાઓની છાવણીએ પહોંચીને તેમની ભૂખ હડતાળને પોતાનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું. યુવા નેતાઓનું સ્વાસ્થ્ય કથળી રહ્યું હોવા છતાં તંત્ર દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતા કોંગ્રેસનો આક્રોશ જોવા મળ્યો છે.

## ટાવરની પ્લેટોની ચોરીમાં પોલીસેએકનેઝડપીપાડ્યો

**નાનાપોંઢામાં** ૧.૯૦ લાખની કિંમતની ૧૧૯ પ્લેટોની ચોરીમાં મુદ્દામાલ કબજે

વલસાડ : નાનાપોંઢા પોલીસે લવાછા રામેશ્વર મંદિર નજીક ટાવર રિપેરિંગ માટે રાખવામાં આવેલી ૧.૯૦ લાખની કિંમતની ૧૧૯ હોટડીપ ગેલવેનાઈઝ ધાતુની ટાવર પ્લેટોની ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

ફરિયાદી ગૌરવ ખોલ્યાએ ફરિયાદ નોંધાવી હતી કે લવાછા ગામે દમણગંગા નદીના ક્રોસિંગ પાસે ટાવર લોકેશનની રિપેરિંગ કામગીરી માટે ૨૧.૧૪૨ મેટ્રિક ટન પ્લેટોમાંથી ૧૧૯ પ્લેટોની ચોરી થઈ હતી. નાનાપોંઢા પોલીસે તપાસ કરી સલાઉદ્દીન અલીમનિયારને ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન સલમાન મુસ્તકીન (રહે. ડુંગરા ગામ)નું નામ ખુલાસામાં આવ્યું હતું. પોલીસે પકડાયેલા આરોપીના રિમાન્ડ મેળવી તેની નિશાનદેહી પર ઝાડી-ઝાંખરામાં સંતાડેલી ધાતુની પ્લેટો જપ્ત કરી હતી. આમ, પોલીસે કુલ ૧૧૯ પ્લેટોમાંથી રૂ. ૧,૬૯,૨૮૨ ની કિંમતની ૧૦૬ પ્લેટો કબજે કરી હતી, કાર્યવાહી પીઆઈ, એ.એસ.આઈ. જીતેશભાઈ, પો.કો. સંદીપસિંહ તથા પો.કો. જીલુભાઈ સહિતનાએ કરી હતી.

## વલસાડમાં ગણેશજીના આગમન સમયે જ નિયમોના ધજાગરા

**ગાઈડ** લાઈનમાં ભંગ કરનાર બે ગણેશ મંડળના ડીજે પોલીસ દ્વારા ડિટેઈન કરાયા



વલસાડ : વલસાડ શહેરમાં આગામી ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વને લઈને ગણપતિ બાપ્પાની મૂર્તિઓની ભવ્ય આગમન યાત્રાઓ યોજાઈ રહી છે. આ અંતર્ગત શહેરમાં બે મોટા ગણેશ મંડળો દ્વારા પ્રતિમાઓનું આગમન કરવામાં આવ્યું હતું. જોકે, સરકારી માર્ગદર્શિકા અને નિયમોના ભંગ બદલ વલસાડ સિટી પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડ ઈસ્ટ રેલવે યાર્ડમાં આવેલ 'ધોબીઘાટ કા સમ્રાટ' અને હાલર વિસ્તારના 'ડી મિલર ગ્રુપ' દ્વારા ગણેશ પ્રતિમાઓનું આગમન કરવામાં આવ્યું હતું. આ યાત્રા દરમિયાન ડીજે સંચાલકો અને મંડળો દ્વારા સાઉન્ડ સિસ્ટમ તથા સરકારી ગાઈડલાઈનના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. પરિણામે, વલસાડ સિટી પોલીસની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને બંને મંડળોની ડીજે સિસ્ટમ ડિટેઈન કરી પોલીસ મથકે જમા લીધી હતી. પોલીસ દ્વારા ડીજે સીઝ કરવામાં આવતા જ મોટી સંખ્યામાં મંડળના સભ્યો અને આયોજકો પોલીસ સ્ટેશન ખાતે એકત્ર થયા હતા અને રજૂઆતો કરી હતી.

પોલીસ મથકે એકત્ર થયેલા મંડળના સભ્યો અને ડીજે સંચાલકોને વલસાડ પોલીસે કાયદા અને નિયમોનું પાલન કરવા સ્પષ્ટ સમજ આપી હતી.

## મોટાપોંઢા-સેલવાસ માર્ગ પર અકસ્માતમાં બાઇકચાલકનું મોત

વલસાડ : વલસાડના નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢા-સેલવાસ માર્ગ મોપેડ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલક ૧૭ વર્ષીય અનિકેત પટેલનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે તેની માતા ઉર્મિલાબેનને ઈજાઓ પહોંચી હતી. ફરિયાદી સુરેશ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો પુત્ર અનિકેત માતા સાથે સ્પ્લેન્ડર બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે સામેથી આવતા મોપેડ (નં. GJ-15-DP-2086) ના ચાલકે જોખમી રીતે ટક્કર મારી હતી. નાનાપોંઢા પોલીસે મોપેડ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**અનોખું શિવાલય** સૂર્યના કિરણોના આ સીધા સ્પર્શને કારણે જ આ મહાદેવ તડકેશ્વર નામે પૂજાય છે

## અહીં સૂર્યનારાયણ કરે છે મહાદેવનો અભિષેક

**૮૦૦** વર્ષ જૂનું છત વગરનું તડકેશ્વર મહાદેવ મંદિર



વલસાડ : શ્રાવણ માસ એટલે શિવભક્તિનો પવિત્ર અવસર. શિવાલયોમાં 'હર હર મહાદેવ'નો નાદ ગુંજી રહ્યો છે. ગુજરાતના એક એવા અનોખા શિવાલયની, જ્યાં મહાદેવને ગમે છે તડકો! વલસાડના અબ્રામામાં આવેલું સુપ્રસિદ્ધ તડકેશ્વર મહાદેવ મંદિર. આ એવું મંદિર છે જેની ઉપર કોઈ છત જ નથી! કહેવાય છે કે સૂર્યનારાયણ ખુદ પોતાનાં કિરણોથી મહાદેવનો અભિષેક કરે છે. પવિત્ર શ્રાવણ માસમાં પ્રાચીન શ્રી તડકેશ્વર મહાદેવ મંદિરમાં આસ્થાનો અદભુત સંગમ જોવા મળી રહ્યો છે. શિવભક્તો બીલીપત્ર, દૂધ અને જળ લઈને ભોળાનાથને રીઝવવા પહોંચી જાય છે. આખોય વિસ્તાર 'ઓમ નમઃ શિવાય' ના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યો છે. તડકેશ્વર મહાદેવનો ઈતિહાસ આશરે ૮૦૦ વર્ષ જૂનો છે. આખા દેશમાં આ એકમાત્ર એવું અનોખું શિવાલય છે જ્યાં ૬ થી ૮ ફૂટ લાંબુ શિવલિંગ સૂતેલી કે આડી અવસ્થામાં બિરાજમાન છે. આ મંદિરની સૌથી મોટી વિશેષતા એ છે કે ગર્ભગૃહની ઉપર કોઈ છત કે ઘુમ્મટ બનાવવામાં આવ્યો નથી! છત પર ૨૨ ફૂટનો ખુલ્લો ભાગ છે, જેના કારણે બપોરના સમયે સૂર્યના સીધા કિરણો એટલે કે તડકો સીધો જ શિવલિંગ પર પડે છે.

સૂર્યના કિરણોના આ સીધા સ્પર્શને કારણે જ આ મહાદેવ તડકેશ્વર નામે પૂજાય છે. ભૂતકાળમાં બે વાર મંદિરની છત બનાવવાનો પ્રયાસ થયો હતો. પરંતુ પહેલીવાર આગ લાગવાથી અને બીજી વાર ભયંકર વાવાઝોડાને કારણે છત તૂટી ગઈ. ત્યારબાદ મહાદેવે પોતાના પરમ ભક્તના સ્વપ્નમાં આવીને આદેશ આપ્યો કે, હું તડકેશ્વર છું, મને સૂર્યના કિરણો જોઈએ છે, મારી ઉપર છત ન બાંધશો. ત્યારથી આ શિવાલય છત વિનાનું જ અકબંધ છે. ખરેખર, પ્રકૃતિ અને પરમાત્માનો આવો અદભુત સમન્વય બીજે ક્યાંય જોવા નહીં મળે. શ્રાવણ માસમાં દૂર-દૂરથી આવતા ભક્તોની મનોકામના આ છત વગરના મંદિરમાં અચૂક પૂર્ણ થાય છે તેવી પ્રબળ આસ્થા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી સ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



વાપી : વાપી જ્ઞાનધામ સ્કૂલમાં ૧૫ ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશભક્તિ ગીતોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ ડો. આર. સી. નાયક (ચેરમેન અને ટેક્નિકલ ડિરેક્ટર, યુનિફોસ એન્વાયરોટ્રોનિક પ્રાઇવેટ લિમિટેડ) એ વિદ્યાર્થીઓને દેશપ્રેમ અને સારા નાગરિક બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. શાળાના ચેરમેન સાન્દ્રાબેને પણ પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. સાથે જ શાળાના આચાર્ય પ્રવિણ સુબ્રમણ્યમે દેશપ્રેમ અને જવાબદારી વિશે પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

### વલસાડની કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ



વલસાડ : વલસાડની જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકીલ ચાર્વી રાજપૂત, પ્રા. સિમરન કોઠારી મુલાકાતી અધ્યાપક, અધ્યાપક ડો. ધરા રાવ, સ્નેહલ કોઠાવાલા આચાર્ય, પ્રાથમિક શાળા વેલવાચ, ભાવિશા પટેલ CDPO ક્લાસ-2 ઉપસ્થિત રહી સમારંભને દીપાવ્યો હતો. દરેક વિદ્યાર્થીઓએ પોતાના કોલેજકાળના સંસ્મરણો વાગોળી કોલેજના વિકાસ માટે પોતાનાથી બનતી સેવાઓ માટે તત્પરતા દાખવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આચાર્ય ડો.જી.એમ. બુટાણી, ડો.સોનલ સરાવિયા અને પ્રો. જાગૃતિ પટેલના માર્ગદર્શન હેઠળ થયું હતું. કાર્યક્રમમાં આચાર્ય બુટાણીએ આશીર્વચન આપ્યા હતા, જ્યારે ડો. સોનલ સરાવિયાએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું તેમજ પ્રો. જાગૃતિ પટેલે "ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ" દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી હતી. કાર્યક્રમનું સુચારુ સંચાલન પ્રા. ડો. હિમરશ્મિ માલી અને પ્રા. વિકેશ સગન્યાએ કર્યું હતું.

### ધરમપુરમાં કાર્યો અને સાધનોનું લોકાર્પણ




ધરમપુર: ધરમપુર નગરપાલિકા ફાયર સ્ટેશન ખાતે નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ તથા પીવાના પાણીની વ્યવસ્થા સુદ્રઢ બનાવવા એક વિશેષ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. સાંસદ ધવલ પટેલના હસ્તે સાંસદ ફંડની ગ્રાન્ટમાંથી ફાળવાયેલાં બે ટ્રેક્ટર સાથે પાણીના ટેન્કર, ટ્રેલર તેમજ 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' હેઠળના આધુનિક મિની ફાયર ફાઈટરનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલ પટેલ અને ધારાસભ્ય અરવિંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદે જણાવ્યું હતું કે, નગર વિકાસ માટે રૂપિયા ૫૩ લાખની ગ્રાન્ટ ફાળવાઈ છે અને આગામી ૧૫ દિવસમાં નગરપાલિકાને અદ્યતન 'મોક્ષ રથ' ઉપલબ્ધ કરાવાશે. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મયંક મોદી, શહેર પ્રમુખ અમિત ચોરેરા સહિત પદાધિકારીઓ, કાઉન્સિલરો અને મોટી સંખ્યામાં નગરજનો હાજર રહીને વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી.

### લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર્ય દિન ઉજવાયો



વાપી : લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ તેમજ હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચે સંયુક્ત રીતે ભારતનો 80મો સ્વાતંત્ર્ય દિન ઉજવ્યો હતો. મુખ્ય અતિથિ લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફતેહસિંહ એમ. ચૌહાણ રહ્યા હતા. મુખ્ય અતિથિ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન સાથે ત્રિરંગાને નમન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંયુક્ત મંત્રી જયેન્દ્રસિંહ રાઠોડ, ખજાનચી વિશ્વેશ દવે, સંયુક્ત ખજાનચી હીરાભાઈ પટેલ, પ્રબંધ સમિતિના સભ્ય અભિષેકસિંહ ચૌહાણ, પ્રિન્સિપાલ ડો. સીમા પિલ્લાઈ, પ્રિન્સિપાલ ડો. શિલ્પા તિવારી, હેડમિસ્ટ્રેસ નિરાલી પારેખ, વાઇસ-પ્રિન્સિપાલ પારુલ ગુપ્તા અને મમતા નાગરકોટી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કેતના ચૌહાણને Best Overall Coordinator Award 2025-26થી સન્માનિત કરાયા હતાં. સમારોહમાં શાળાના કાઉન્સેલર ઋચા સિંહ દ્વારા લિખિત પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ફતેહસિંહ એમ. ચૌહાણે સ્વતંત્રતા સેનાનીઓ અને શહીદોને શ્રદ્ધાપૂર્વક નમન કરીને સૌને સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

### વાપીની કોલેજમાં સ્વાતંત્રદિનની ઉજવણી



વાપી : સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વાપી આર.કે.દેસાઈ ઓફ કોલેજીસમાં દેશની આઝાદી માટે બલિદાન આપનાર શહીદોને યાદ કરી તેમને ધ્વજવંદન દ્વારા સલામી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પી.ટી.સી. કોલેજના આચાર્યા સરોજબેન પટેલ અને સાયન્સ વિભાગના આચાર્ય સુરભી ચૌધરીએ તિરંગો લહેરાવ્યો હતો. સંસ્થાના વિવિધ વિદ્યાશાખાના આચાર્ય તેમજ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહી દેશની ભાવના વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વકતવ્ય, નૃત્ય, દેશભક્તિ ગીત જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક ભૂષણ સરોડે દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી.

### દમણની શ્રીનાથજી સ્કૂલમાં નિવૃત્ત આચાર્યનું સન્માન કરાયું



દમણ : સંઘપ્રદેશ દમણની સરકારી આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજના આચાર્ય ડો. સંજયકુમાર સિંહ સત્યાર્થી 31 જુલાઈના રોજ નિવૃત્ત થયા હતા. ત્યારે શ્રીનાથજી સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા એમને સ્કૂલમાં દેશના આઝાદી દિવસના કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા અને એમના હસ્તે શાળામાં ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા તેમનું સાલ ઓઢાડી સન્માન કરાયું હતું.